RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 17
Issue : 129
Dt.: 18-01-2025, Saturday
Page : 04
Rs.00.50 paisa
EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in



૩૪ ખેલાડીઓ અર્જુન પુરસ્કારથી સન્માનિત

## મનુ ભાકર-ડી ગુકેશ સહિત ચાર ખેલાડીઓને મળ્યો ખેલ રત્ન એવોર્ડ

### રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં પરંપરાગત સમારોહમાં રાષ્ટ્રીય ખેલ પુરસ્કાર અનાયત કર્યા ત્યારે સૌથી વધુ તાળીઓ પેરા એથ્લેટ્સે મેળવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બે ઓલિમ્પિક મેડલ વિજેતા શૂટર મનુ ભાકર અને ચેસ વર્લ્ડ ચેમ્પિયન ડી ગુકેશ ચમક્યા હતા પરંતુ શુક્રવારે જ્યારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં એક પરંપરાગત સમારોહમાં રાષ્ટ્રીય ખેલ પુરસ્કાર એનાયત કર્યા ત્યારે પેરા એથ્લેટ્સે સૌથી વધુ તાળીઓ મેળવી હતી. મનુ અને ગુકેશની સાથે ભારતીય પુરૂષ હોકી ટીમના કેપ્ટન હરમનપ્રીત સિંહ અને પેરાલિમ્પિક ગોલ્ડ મેડલ વિજેતા હાઈ જમ્પર પ્રવીણ કુમારને પણ દેશના સર્વોચ્ચ ખેલ સન્માનથી નવાજવામાં આવ્યા હતા.

૨૨ વર્ષીય ભાકર એ જ ઓલિમ્પિકમાં બે મેડલ જીતનારી સ્વતંત્ર ભારતની પ્રથમ ખેલાડી બની હતી જ્યારે તેણીએ પેરિસ ઓલિમ્પિકમાં ૧૦ મીટર એર પિસ્તોલ વ્યક્તિગત અને મિશ્ર ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. હરમનપ્રીત ટોક્યો અને પેરિસ ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતનારી હોકી ટીમનો સભ્ય હતો. હરમનપ્રીત સિંહ પેરિસ ઓલિમ્પિકમાં ટીમનો કેપ્ટન પણ હતો. બીજી તરફ દિવ્યાંગ પ્રવીણે ટોક્યો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો હતો અને પેરિસમાં તેને ગોલ્ડમાં પરિવર્તિત કર્યો હતો.

૧૮ વર્ષીય ગુકેશ સૌથી યુવા વિશ્વ ચેમ્પિયન બન્યો છે. જેમણે ગયા મહિને ચીનના ડિંગ લિરેનને હરાવ્યો હતો. તે વિશ્વનાથન આનંદ પછી વિશ્વ ચેમ્પિયનશિપ જીતનાર બીજો ભારતીય છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ચેસ ઓલિમ્પિયાડમાં ભારતની ખિતાબ જીતમાં પણ તેણે મહત્વની ભૂમિકા ભજવી હતી. આ વખતે ૩૨ ખેલાડીઓને અર્જુન એવોર્ડ આપવામાં આવ્યા હતા, જેમાંથી ૧૭ પેરા એથ્લેટ છે. અર્જુન એવોર્ડ મેળવનાર ખેલાડીઓમાં પેરિસ ઓલિમ્પિકના બ્રોન્ઝ મેડલ વિજેતા કુસ્તીબાજ અમન સેહરાવત, શૂટર્સ સ્વપ્રિલ કુસાલે, સરબજોત સિંહ અને પુરૂષ હોકી ટીમના સભ્યો જરમનપ્રીત સિંહ, સુખજીત સિંહ, સંજય અને અભિષેકનો સમાવેશ થાય છે. આ વખતે પેરા એથ્લેટ્સની સંખ્યા એવોર્ડ મેળવનારમાં સૌથી વધુ હતી. જેમાં પેરિસ પેરાલિમ્પિક્સમાં સાત ગોલ્ડ અને નવ સિલ્વર સહિત ૨૯ મેડલ જીત્યા છે. રાષ્ટ્રપતિ મુર્મૂ પરંપરાથી ફેરફાર કરીને વ્હીલચેર પર નિર્ભર કેટલાક ખેલાડીયો જેવા કે પ્રણવ સુરમા માટે પોતે આગળ ચાલીને આવી હતી.

આ સમારોહની સૌથી લાગણીશીલ ક્ષણ એ હતી જ્યારે ભારતના પ્રથમ પેરાલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા મુરલીકાંત પેટકર વ્હીલર ચેર સાથે અર્જુન એવોર્ડ (લાઈફટાઈમ) લેવા માટે રાષ્ટ્રપતિ સુધી પહોંચ્યા હતા. ૮૦ વર્ષીય યુદ્ધ નાયક પેટકરને ૧૯૬૫ના પાકિસ્તાન સામેના યુદ્ધમાં કમરથી નીચે ગોળી વાગી હતી. તેઓ મૂળ બોક્સર હતો પરંતુ બાદમાં પેરા સ્વિમર બન્યો. તેમણે ૧૯૭૨ની પેરાલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે તેઓ એવોર્ડ લેવા આવ્યા ત્યારે તેઓ પોતાની સીટ પર પાછા ન ગયા ત્યાં સુધી તાળીઓનો ગડગડાટ ચાલુ રહ્યો હતો. તેના માટે તાળીઓ પાડનારાઓમાં અભિનેતા કાર્તિક આર્યન પણ હતો જેણે તેના પર બનેલી ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન'માં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ પ્રસંગે ખેલ મંત્રી મનસુખ માંડવિયા, સંસદીય અને લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુ, રમત ગમત સચિવ સુજાતા ચતુર્વેદી પણ હાજર હતા. ખેલ રત્ન પુરસ્કારની સાથે ૨૫ લાખ રૂપિયાનું રોકડ પુરસ્કાર, જ્યારે અર્જુન અને દ્રોણાચાર્ય પુરસ્કારોમાં ૧૫ લાખ રૂપિયાનું રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.



---

પંજાબની મુલાકાત વખતની ઘટના

## મોદીની સુરક્ષામાં ચૂક મામલે ૨૫ ખેડૂતો વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી

### ત્રણ સભ્યોની SITની રચના કરવામાં આવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૫ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ પંજાબની મુલાકાત દરમિયાન સુરક્ષામાં ગેરરીતિના સંબંધમાં ૨૫ ખેડૂતો સામે ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું છે. ૫ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ, પંજાબના ફિરોઝપુરમાં ખેડૂતોના વિરોધ દ્વારા વડાપ્રધાન મોદીના કાફલાને રસ્તા વચ્ચે અટકાવવામાં આવ્યો હતો. પંજાબ પોલીસે આ કેસમાં ભારતીય દંડ સંહિતા (આઈપીસી)ની કલમ ૩૦૭ પણ ઉમેરી છે, જે હત્યાના પ્રયાસ માટે લાગુ કરવામાં આવે છે. વડાપ્રધાન મોદી ફિરોઝપુરમાં રેલીને સંબોધવાના હતા. પરંતુ ખેડૂત સંગઠનોના સભ્યોએ પિયારાના ફ્લાયઓવર પર વિરોધ કર્યા બાદ તેમને પરત ફરવું પડ્યું હતું.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર ૫ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ પીએમ મોદીની મુલાકાત દરમિયાન સુરક્ષાના ભંગના ત્રણ વર્ષ જૂના કેસમાં ફિરોઝપુર જિલ્લામાંથી ભારતી કિસાન યુનિયન (ક્રાંતિકારી) અને ક્રાંતિકારી પેન્ડુ મઝદૂર યુનિયનના ૨૫ સભ્યોની ધરપકડ કરવા વોરંટ જારી કરવામાં આવ્યું છે. ૬ જાન્યુઆરી, ૨૦૨૨ ના રોજ, IPC કલમ ૨૮૩ (જાહેર માર્ગમાં અવરોધ) હેઠળ અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ FIR નોંધવામાં આવી હતી, જે જામીનપાત્ર ગુનો છે. જો કે, નબળા FIR પર ભારતીય જનતા પાર્ટીના નેતાઓ દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાઓ બાદ ત્રણ સભ્યોની SITની રચના કરવામાં આવી હતી. આ તપાસના આધારે, IPC કલમ ૩૦૭ (હત્યાનો પ્રયાસ), ૩૫૩ (લોક સેવક પર હુમલો), ૩૪૧ (ખોટી રીતે સંયમ), ૧૮૬ (ફરજમાં અવરોધ), ૧૪૯ (ગેરકાયદેસર એકઠા થવું) અને નેશનલ હાઈવે સહિત અન્ય આરોપો કલમ ૮- અધિનિયમના B ઉમેરવામાં આવ્યા હતા. FIRમાં BKU ક્રાંતિકારી જનરલ સેક્રેટરી બલદેવ સિંહ ઝીરા, લખવિંદર સિંહ, અવતાર સિંહ, જ્ઞાન સિંહ અને અન્ય યુનિયનના સભ્યો અને ક્રાંતિકારી પેન્ડુ મઝદૂર યુનિયન સાથે સંકળાયેલા ખેડૂતો સહિત ૨૬ લોકોના નામ છે. એક આરોપી મેજર સિંહનું મોત થયું છે. જેના કારણે ૨૫ લોકો સામે ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું છે. ૩ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ફિરોઝપુર કોર્ટ દ્વારા જારી કરાયેલ ધરપકડ વોરંટ મુજબ, ઘણા સમન્સ અને વોરંટ હોવા છતાં, આરોપી કોર્ટમાં હાજર થયો ન હતો. કુલગઢી પોલીસ સ્ટેશનના સ્ટેશન હાઉસ ઓફિસરને તેની ધરપકડ કરીને ૨૨ જાન્યુઆરી સુધીમાં કોર્ટમાં રજૂ કરવા સૂચના આપવામાં આવી છે. પીએમ મોદીએ પંજાબના ફિરોઝપુરમાં ચૂંટણી રેલી કરી હતી. પરંતુ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે કહ્યું કે પીએમ મોદી સુરક્ષામાં મોટી ખામીને કારણે રેલીમાં જઈ શક્યા નથી. તે સમયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે પોતાના નિવેદનમાં કહ્યું હતું કે, ખરાબ હવામાનને કારણે પીએમ મોદીનો કાફલો ભટિંડા એરપોર્ટથી રોડ માર્ગે હુસૈનીવાલામાં રાષ્ટ્રીય શહીદ સ્મારક માટે રવાના થયો હતો. પરંતુ જ્યારે પીએમનો કાફલો રાષ્ટ્રીય શહીદ સ્મારક પર પહોંચ્યો. હુસૈનીવાલા, શહીદ સ્મારકથી લગભગ ૩૦ કિલોમીટર દૂર, જ્યારે અમે ફ્લાયઓવર પર પહોંચ્યા તો જાણવા મળ્યું કે કેટલાક પ્રદર્શનકારીઓએ રસ્તો બ્લોક કરી દીધો હતો, જેના કારણે વડાપ્રધાન ૧૫ થી ૨૦ મિનિટ સુધી ફ્લાયઓવર પર અટવાયા હતા.

---

મહિલા મતદારોને ખુશ કરવા વચનોની લહાણી કરી

## દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ભાજપનું સંકલ્પ પત્ર જારી

(સંપૂર્ણ સમાચાર સેવા )નવી દિલ્હી

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે પોતાના ચૂંટણી ઢંઢેરાના પ્રથમ તબક્કાની જાહેરાત કરી છે. પાર્ટીએ દિલ્હીના લોકોને ઘણા મોટા વચનો આપ્યા છે અને કહ્યું છે કે હજુ વધુ જાહેરાતો કરવાની બાકી છે.

ભાજપે કહ્યું છે કે જો દિલ્હીમાં તેમની સરકાર બનશે તો મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયા આપવામાં આવશે. સંકલ્પ પત્ર બહાર પાડતી વખતે, ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે મહિલા સમૃદ્ધિ યોજના પહેલી કેબિનેટ બેઠકમાં જ પસાર કરવામાં આવશે. આ ઉપરાંત, સસ્તા સિલિન્ડરનું વચન આપવામાં આવ્યું છે. ભાજપે એ પણ સ્પષ્ટ કર્યું છે કે અરવિંદ કેજરીવાલ સરકારની હાલની યોજનાઓ પણ બંધ કરવામાં આવશે નહીં.

ભાજપ અધ્યક્ષે કહ્યું કે, તમામ ઝૂંપડપટ્ટીઓમાં ૫ રૂપિયામાં સંપૂર્ણ ભોજન પૂરું પાડવા માટે અટલ કેન્ટીન યોજના શરૂ કરવામાં આવશે.

ભાજપ અધ્યક્ષે કહ્યું કે માતૃત્વ સુરક્ષા યોજનાને વધુ મજબૂત બનાવવા માટે ૭ પૌષ્ટિક કીટ આપવામાં આવશે. દરેક ગર્ભવતી મહિલાને ૨૧ હજાર રૂપિયા આપવામાં આવશે.

ભાજપે કહ્યું છે કે મોહલ્લા ક્લિનિકમાં લગભગ ૩૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે. ભાજપ સરકાર બન્યા પછી આની તપાસ કરવામાં આવશે. દવાના કરારોની પણ તપાસ કરવામાં આવશે.

ભાજપ અધ્યક્ષે કહ્યું કે જો દિલ્હીમાં ભાજપની સરકાર બનશે તો કેન્દ્રની આયુષ્માન યોજના લાગુ કરવામાં આવશે. આયુષ્ય યોજના પહેલી કેબિનેટ બેઠકથી જ લાગુ કરવામાં આવશે. આમાં, દિલ્હી સરકાર દ્વારા ૫ લાખ રૂપિયાનું વધારાનું કવર આપવામાં આવશે. ૫૧ લાખ લોકોને તેનો લાભ મળશે. ૭૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને ૧૦ લાખ રૂપિયાનો આરોગ્ય વીમો પણ આપવામાં આવશે.

જેપી નડ્ડાએ કહ્યું કે ગરીબ પરિવારોને એલપીજી સિલિન્ડર પર ૫૦૦ રૂપિયાની સબસિડી આપવામાં આવશે. હોળી અને દિવાળી પર વર્ષમાં બે મફત સિલિન્ડર આપવામાં આવશે.

૧.૮૦ લાખ લોકોના પ્રતિભાવ લીધા બાદ આ સંકલ્પ પત્ર તૈયાર કરવામાં આવ્યો હતો.

નડ્ડાએ કહ્યું કે અમે મહિલાઓ, યુવાનો, ઝૂંપડપટ્ટીવાસીઓ, અસંગઠિત મજૂરો, મધ્યમ વર્ગ અને વેપારી વર્ગ સાથે ચર્ચા કરી છે. લગભગ ૧.૮૦ લાખ પ્રતિભાવો પ્રાપ્ત થયા છે. લગભગ ૬૨ જૂથો સાથે ચર્ચા કરવામાં આવી છે. ૧૨ હજાર નાની-મોટી સભાઓ યોજી. નેતાઓએ દરેક ખૂણામાં જઈને ૪૧ ન્ઈઠ વાન દ્વારા ચર્ચા કરી.

---

મુંબઈ પોલીસ પૂછપરછ માટે લઈ ગઈ

## સૈફ અલી ખાન ઉપર હુમલા મામલે એક શંકાસ્પદ પકડાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

સૈફ અલી ખાન પર ૧૬ જાન્યુઆરીની રાત્રે હુમલો થયો હતો. સૈફ-કરીનાના ઘરમાં એક અજાણ્યો વ્યક્તિ ચોરીના ઈરાદે ઘૂસ્યો હતો. સૈફ અલી ખાન પર હુમલા મામલે એક શંકાસ્પદ પકડાયો, જેને મુંબઈ પોલીસ પૂછપરછ માટે લઈ ગઈ છે. મુંબઈ ડીસીપીનું કહેવું છે કે વ્યક્તિને હમણાં જ પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો છે. તેના પર ઘરફોડ ચોરીનો આરોપ છે. તેની સામે હાઉસ બ્રેકીંગના કેસ નોંધાયેલા છે અને પોલીસ તેની પૂછપરછ કરી રહી છે.

અભિનેતાને હુમલાખોરે છરી વડે અભિનેતા પર છ વાર કર્યા હતા. તેને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જ્યાં અભિનેતાની સર્જરી કરવામાં આવી હતી. હવે તે ખતરાની બહાર છે. આરોપીઓને પકડવા માટે પોલીસની ૨૦ ટીમો બનાવવામાં આવી હતી. દરેક ટીમને અલગ-અલગ કાર્ય સોંપવામાં આવ્યું હતું.

સૈફ અલી ખાન તે બિલ્ડિંગના ૧૨મા માળે રહે છે. સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાના આધારે પોલીસે હુમલાખોરની શોધ શરૂ કરી હતી. તપાસ અધિકારીઓનું માનવું છે કે હુમલાખોરે સૈફના ઘરેથી ભાગતા પહેલા તેના કપડા બદલ્યા હતા. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, સૈફના ઘરે ૫૬ વર્ષની સ્ટાફ નર્સ પણ હાજર હતી. તેનું નામ એલિયામા ફિલિપ છે. તે ફરિયાદી પણ છે. આ ઘટનામાં તેને પણ બ્લેડથી ઈજા થઈ હતી. પોલીસે નર્સ ફિલિપ, ઘરમાં કામ કરતા સ્ટાફ, બિલ્ડિંગના ગાર્ડ અને અન્ય લોકોના નિવેદન નોંધ્યા છે.

---

મોડી રાતે રાહુલ ગાંધી AIIMS પહોંચ્યા

## રાહુલ કડકડતી ઠંડી વચ્ચે ફૂટપાથ પર સૂતા દર્દીના પરિજનોને મળ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ ગુરુવારે મોડી રાત્રે દિલ્હી એઈમ્સની મુલાકાત લીધી હતી. કોંગ્રેસ નેતા સારવાર માટે આવેલા દર્દીઓ અને તેમના પરિવારોને મળ્યા અને તેમની સમસ્યાઓ સાંભળી. આ મુલાકાત પછી, કોંગ્રેસના નેતાએ કેન્દ્ર અને દિલ્હી સરકાર પર દર્દીઓ પ્રત્યે અસંવેદનશીલતા દાખવવાનો પણ આરોપ લગાવ્યો.

રાહુલ ગાંધીની આ મુલાકાતના ફોટા કોંગ્રેસના ટ્વિટર હેન્ડલ પરથી શેર કરવામાં આવ્યા છે. ફોટા સાથે લખ્યું હતું કે, દૂર દૂરથી સારવાર માટે આવેલા લોકો અહીં રસ્તાઓ, ફૂટપાથ અને સબવે પર સૂવા માટે મજબૂર છે. મોદી સરકાર અને દિલ્હી સરકારે તેમને પોતાના હાલ પર છોડી દીધા છે. તેમણે પોતાની જવાબદારીથી મોઢું ફેરવી લીધું છે.

કોંગ્રેસે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર આગળ લખ્યું, સારવાર માટે મહિનાઓ રાહ જોવી, સરકારની અસુવિધા અને અસંવેદનશીલતા - આ આજે દિલ્હી એઈમ્સની વાસ્તવિકતા છે. પરિસ્થિતિ એવી છે કે જે લોકો દૂર દૂરથી પોતાના પ્રિયજનોની બીમારીનો બોજ લઈને આવ્યા છે, તેઓ આ કડકડતી ઠંડીમાં ફૂટપાથ અને સબવે પર સૂવા માટે મજબૂર છે.

રાહુલે ઈન્સ્ટાગ્રામ પર હિન્દીમાં પોસ્ટ કરી કે, રોગનો ભાર, કડકડતી ઠંડી અને સરકારની અસંવેદનશીલતા - આજે હું એઈમ્સની બહાર એવા દર્દીઓ અને તેમના પરિવારોને મળ્યો જે દૂર દૂરથી સારવારની શોધમાં આવ્યા છે.

---

નિયમો તોડશો તો ચૂકવવી પડશે ભારે ભરખમ કિંમત

## ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ માટે નવી પોલિસી લાગૂ કરી

### ઘરેલૂ ક્રિકેટમાં રમવું અનિવાર્ય, પ્રવાસ પર પરિવાર અને ખાનગી સ્ટાફની હાજરી પર પ્રતિબંધ મુકવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ માટે નવી પોલિસી લાગૂ કરી દીધી છે. આ પોલિસીમાં ઘમા કડક નિયમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. નિયમોનું ઉલ્લંઘન કરનાર ટીમ ઈન્ડિયાના ખેલાડીઓને સજા પણ મળશે. તેમાં IPL રમવા પર પ્રતિબંધ પણ મુકાઈ શકે છે.

BCCI એ કડક નિયમોમાં ઘરેલૂ ક્રિકેટમાં રમવું અનિવાર્ય, પ્રવાસ પર પરિવાર અને ખાનગી સ્ટાફની હાજરી પર પ્રતિબંધ અને સીરિઝ દરમિયાન વ્યક્તિગત જાહેરાત પર પ્રતિબંધ જેવા ઘણા નિયમો ઉમેરવામાં આવ્યા છે.

આ નીતિનું પાલન ન કરનાર ખેલાડીઓને દંડ કરવામાં આવશે, જેમાં સેન્ટ્રલ કરારમાંથી તેમની રિટેનર ફી કપાત કરવી અને IPLમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂકવામાં આવશે. ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં ટીમના ખરાબ પ્રદર્શન બાદ આ નિયમો જાહેર કરવામાં આવ્યા છે, આ પહેલા ન્યૂઝીલેન્ડ સામેની હોમ સિરીઝમાં વ્હાઈટવોશનો સામનો કરવો પડ્યો હતો. બીસીસીઆઈએ પર્સનલ સ્ટાફ અને કોમર્શિયલ ફોટો શૂટ પર પ્રતિબંધો લાદવા ઉપરાંત વિદેશ પ્રવાસ દરમિયાન ખેલાડીઓ સાથે રહેવા માટે પરિવાર માટે માત્ર બે અઠવાડિયાના સમયગાળાને મંજૂરી આપી છે.

બોર્ડની નવી નીતિમાં કહેવામાં આવ્યું છે કે જો તેનું પાલન કરવામાં નહીં આવે તો BCCI દ્વારા અનુશાસનાત્મક પગલાં લેવામાં આવી શકે છે. વધુમાં, BCCI કોઈપણ ખેલાડી સામે શિસ્તબદ્ધ પગલાં લેવાનો અધિકાર અનામત રાખે છે, જેમાં ખેલાડીને BCCI દ્વારા આયોજિત તમામ ટૂર્નામેન્ટમાં ભાગ લેવાથી રોકવાનો સમાવેશ થાય છે, જેમાં IPLનો સમાવેશ થાય છે, અને BCCIના ખેલાડીના કરારમાંથી રિટેનરના પૈસા અથવા મેચ ફી કાપવામાં આવે છે. તેમણે એમ પણ કહ્યું કે હવેથી ખેલાડીઓને પ્રવાસ દરમિયાન અલગથી મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં અને જો પ્રવાસ અથવા મેચ વહેલી સમાપ્ત થાય તો તેમને વહેલા જવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

નવી પોલિસી હેઠળ શું શું હશે?

- તમામ ખેલાડીઓએ મેચો અને પ્રેક્ટિસ સેશન માટે ટીમ સાથે મુસાફરી કરવી પડશે
- પરિવાર સાથે અલગ મુસાફરીની વ્યવસ્થા બંધ કરવામાં આવી છે જેથી શિસ્ત અને ટીમ ભાવના જળવાઈ રહે.
- ડોમેસ્ટિક મેચોમાં ભાગ લેવો ફરજિયાત છે
- રાષ્ટ્રીય ટીમ અને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં પસંદગી માટે ખેલાડીઓએ સ્થાનિક મેચોમાં રમવું જરૂરી
- શ્રેણી/પ્રવાસ દરમિયાન કોઈ વ્યક્તિગત શૂટિંગની મંજૂરી નહીં
- ખેલાડીઓને ચાલુ શ્રેણી અથવા પ્રવાસ દરમિયાન વ્યક્તિગત શૂટ અથવા જાહેરાતોમાં ભાગ લેવાની મંજૂરી નથી
- આ વિક્ષેપોને ટાળવા, ક્રિકેટ અને ટીમની જવાબદારીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે છે
- ટુર્નામેન્ટ સમાપ્ત થાય તે પહેલાં ઘરે પરત ફરવું નહીં
- જો શ્રેણી અથવા ટૂર્નામેન્ટ નિર્ધારિત સમય પહેલા સમાપ્ત થાય તો પણ ખેલાડીઓ વહેલા ઘરે પરત ફરી શકતા નથી.

---

ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાએ કહ્યું

## પેપર લીક કરવું પણ ભ્રષ્ટાચાર સમાન છે, વિદ્યાર્થીઓના સપનાં ચકનાચૂર થઈ જાય છે

### CJI સંજીવ ખન્નાએ ભ્રષ્ટાચારને ત્રણ માથાવાળો રાક્ષસ ગણાવતા આ સામાજિક બદી પર આકરા પ્રહાર કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (CJI) સંજીવ ખન્નાએ ભ્રષ્ટાચારને ત્રણ માથાવાળો રાક્ષસ ગણાવતા આ સામાજિક બદી પર આકરા પ્રહાર કર્યા હતા. લોકપાલ દિવસે નવી દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં તેમણે કહ્યું હતું કે, 'ભ્રષ્ટાચાર લોકોના વિશ્વાસ અને લોકશાહીની વિચારધારાને નષ્ટ કરે છે. ભ્રષ્ટાચાર વિરોધી લોકપાલની સફળતા નાગરિકોના વિશ્વાસ અને જોડાણ પર આધારિત છે. પેપર લીક પણ ભ્રષ્ટાચારનો જ હિસ્સો છે કારણ કે, તે વિદ્યાર્થીઓની મહત્ત્વાકાંક્ષા અને સપના ચકનાચૂર કરી નાખે છે. આ પ્રકારનો ભ્રષ્ટાચાર જાહેર શિક્ષણ અને નોકરી મેળવવાની ક્ષમતાના અધિકારો પર ગંભીરરૂપે અસર કરે છે.' આ વિશે વધુ વાત કરતા ચીફ જસ્ટિસે કહ્યું કે, બંધારણીય યોજનાઓ માટે લોકપાલ અત્યંત મહત્ત્વનો હોદ્દો છે, જે દેશને ભ્રષ્ટાચાર મુક્ત કરવામાં મદદરૂપ બને છે. જો કે, એકમાત્ર લોકપાલની સ્થાપનાથી ભ્રષ્ટાચારની સમસ્યાઓ દૂર ના થઈ શકે. લોકપાલે સેન્ટ્રલ વિજિલન્સ કમિશન અને અન્ય એજન્સીઓ સાથે જોડાણ કરી સંપૂર્ણ ક્ષમતા સાથે કામ કરવું પડશે. આ સંયુક્ત જોડાણ જ ભ્રષ્ટાચારને જડમૂળમાંથી કાઢી નાખવામાં મદદરૂપ થશે.'

ભ્રષ્ટાચાર વિરોધી કાયદા અંગે તેમણે કહ્યું હતું કે, ભ્રષ્ટાચાર અને લાંચ કાયદા-નિયમોનું ઉલ્લંઘન સમાજનું પતન કરે છે. તે લોકોનો વિશ્વાસ તોડે છે. પરિણામે રાજકીય અને આર્થિક અસ્થિરતા સર્જાય છે. આ પ્રકારની સ્થિતિ સામાજિક વિભાજન સાથે હિંસાને જન્મ આપે છે. ચીફ જસ્ટિસ ખન્નાએ કહ્યું હતું કે, ગરીબો પોતાની આવકનો સૌથી વધુ હિસ્સો લાંચ આપવામાં ખર્ચ કરે છે. સરકારી સેવાઓ પર નિર્ભર ગરીબો અને ખાસ કરીને મહિલાઓ ભ્રષ્ટાચારનો સૌથી વધુ ભોગ બને છે. વંચિત જાતિઓ પણ તેનો સૌથી વધુ ભોગ બને છે. બીજી તરફ ઉચ્ચ વર્ગના લોકો પૈસાના જોરે સરકારી સેવાઓનો લાભ સરળતાથી મેળવી રહ્યા છે. સરકારી આંકડા અનુસાર, હાઈ પ્રોફાઈલ ભ્રષ્ટાચારના કારણે દેશને દર વર્ષે રૂ. ૩૬ હજાર કરોડનું નુકસાન થાય છે. ૨૦૦૫માં સરકારી સેવાઓ માટે દરરોજ રૂ. ૨૧૦૦૦ કરોડની લાંચ અપાઈ હતી.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીગનરના IIPH ખાતે "હેલ્થ ડિપ્લોમસી અંગે સંવાદ"નો પ્રારંભ

**ભારતે કોરોના કાળમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૧૦૦થી વધુ દેશોને વેક્સિન અને મેડિસીન પહોંચાડીને વિશ્વમિત્રની ભાવના વધુ પ્રબળ બનાવી છેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**





મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ભારત વસુધૈવ કુટુમ્બકમની ભાવના ઉજાગર કરીને વિશ્વ મિત્ર તરીકે ઉભરી આવ્યું છે. કોરોના મહામારીના વિકટ સમયમાં ૧૦૦થી વધુ દેશોને વેક્સિન અને મેડિસીન પહોંચાડીને ભારતે પોતાની વિશ્વમિત્રની ભાવના વધુ પ્રબળ બનાવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિદેશ મંત્રાલયના પોલિસી પ્લાનિંગ અને રિસર્ચ ડિવિઝનના નેજા હેઠળ રાજ્ય સરકારના આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ તેમજ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ, ગાંધીનગર દ્વારા આયોજિત "હેલ્થ ડિપ્લોમસી અંગે સંવાદ"નો પ્રારંભ કરાવ્યો હતો. આ સંવાદનો મુખ્ય હેતુ ગ્લોબલ સાઉથ દેશોમાં ભારતીય નીતિઓ અને શ્રેષ્ઠ પ્રણાલીઓના સંભવિત યોગદાન પર ચર્ચા-મંથન કરવાનો છે. આરોગ્ય સુરક્ષા સુધારવા, ગરીબી ઘટાડવા અને સમાનતા વધારવા માટે ગ્લોબલ સાઉથ દેશો વચ્ચે પરસ્પર સહયોગ સહિતના વૈશ્વિક આરોગ્ય મુદ્દાઓ પર આ સંવાદમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત ગ્લોબલ સાઉથના દેશોમાં જેનેરિક દવાઓ ઉપલબ્ધ કરાવવામાં તેમજ ફાર્મસી રેગ્યુલેશન વર્કમાં સહયોગ પૂરો પાડી રહ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં સ્વાસ્થ્ય સંબંધી જટિલ સમસ્યાઓ વધી રહી છે તેના સમાધાન માટે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે તેમ છે. આ વૈશ્વિક પડકારો અને તેના સમાધાનરૂપે ભારતની બેસ્ટ પ્રેક્ટીસીસને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરવા માટે આ સંવાદને મુખ્યમંત્રીશ્રીએ યોગ્ય માધ્યમ ગણાવ્યું હતું. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પાછલા દસ વર્ષોમાં આરોગ્ય ક્ષેત્રે દેશમાં અભૂતપૂર્વ વિકાસ થયો છે. દરેક વ્યક્તિને ઉત્તમ સ્વાસ્થ્ય સુવિધાઓ ઉપલબ્ધ તે માટે પ્રિવેન્ટિવ હેલ્થ કેરને પ્રોત્સાહન, ગામડાઓમાં આધુનિક આરોગ્ય સુવિધાઓ, શહેરોમાં મેડિકલ કોલેજ અને રિસર્ચ સંસ્થાઓની સ્થાપના જેવા મુદ્દે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશમાં એકસાથે કામ થઈ રહ્યું છે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ ગુજરાતમાં સ્વાસ્થ્ય સુવિધાઓ સુદ્રઢ કરી છે તે અંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શન અને વિઝનનો લાભ ગુજરાતને પાછલા ૨૩ વર્ષોથી મળી રહ્યો છે. રાજ્યમાં હાલમાં આયુષ્માન આરોગ્ય મંદિરથી લઈને મેડિકલ કૉલેજ અને અત્યાધુનિક હૉસ્પિટલ્સ મળીને અગિયાર હજારથી વધુ સ્વાસ્થ્ય સંસ્થાઓ લોકોની આરોગ્ય સુખાકારી માટે કાર્યરત છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની આરોગ્ય ક્ષેત્રની સિદ્ધિઓ વર્ણવતા કહ્યું હતું કે, ભારત સરકારની થિંક ટેક્ સંસ્થા નીતિ આયોગના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સમાં ગુજરાત સતત બે વર્ષોથી "સારુ સ્વાસ્થ્ય અને સુવિધાઓ"ની શ્રેણીમાં પ્રથમ ક્રમે છે.

આરોગ્ય ક્ષેત્રે પાયાની સુવિધાઓ સાથે ગુજરાત આજે મેડિકલ ટૂરિઝમના હબ તરીકે વિકસી રહ્યું છે. રાજ્ય સરકારના આ પ્રયાસોના કારણે ગુજરાતના મેડિકલ ટૂરિઝમનો વિકાસ દર ૩૩ ટકા વધ્યો છે. આ વિકાસ દર રાષ્ટ્રીય સ્તરે મેડિકલ ટૂરિઝમ વિકાસ દર કરતા ૧૩ ટકાથી વધારે છે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

આ સંવાદ વૈશ્વિક સ્તરે મેડિકલ તેમજ સ્વાસ્થ્ય સંબંધી સેવાઓ સાથે સંકળાયેલા તમામ પડકારોના સમાધાન માટે મહત્વપૂર્ણ વિચાર-વિમર્શનો મંચ બનશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતુ કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતની આરોગ્ય વ્યવસ્થાઓ વિશ્વસ્તરીય બની છે.

આરોગ્ય ક્ષેત્રે પણ સંશોધન કરતી એક અલાયદી સંસ્થાનો વિચાર બીજ પણ IIPH સ્વરૂપે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ રોપ્યો હતો ? જેનો મુખ્ય ઉદ્દેશ IIT, IIM જેવી સંસ્થાનું નિર્માણ કરવાનો હતો. આજે IIPH એ આરોગ્ય ક્ષેત્રે તેના સંશોધન કાર્ય થકી સમગ્ર દેશમાં નામના મેળવી છે તેમ મંત્રીશ્રીએ કહ્યું હતું.

બાળ મૃત્યુદર ,માતા મૃત્યુદર, બિનચેપી રોગોના અટકાવ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર થી લઈ સિવિલ હોસ્પિટલ સુધીની માળખાકીય સુવિધાઓનું સુદ્રઢ માળખું આજે ગુજરાતની ઓળખ બન્યું છે .જેના પરિણામે જ નીતિ આયોગ દ્વારા જાહેર થતાં આરોગ્ય વિષયક SDG ઈન્ડેક્સમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે રહ્યું છે.

રાજયના પ્રત્યેક જિલ્લામાં મેડિકલ કૉલેજ કાર્યરત કરવા સરકાર કટિબદ્ધ હોવાનું જણાવી રાજયના દુર્ગમ, પહાડી દૂરદરાજના વિસ્તારોમાં વસતા નાગરિકોને પણ સતત શ્રેષ્ઠતમ આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે સરકાર પ્રયાસ રત હોવાનું મંત્રી શ્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ સિવિલ મેડિસિટીનું જોયેલું સ્વપ્ન પૂર્ણતાના આરે છે એમ જણાવી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યમાં ઝોન પ્રમાણે મેડિસિટી નિર્માણ કાર્ય આરંભાયુ હોવાનું મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

રાજ્યમાં ઉપલબ્ધ ગુણવત્તા યુક્ત અને વિશ્વ સ્તરીય આરોગ્ય સેવાઓના પરિણામે જ આજે રાજ્યના મેડિકલ ટુરીઝમ માં સતત વધારો થઈ રહ્યો છે.

આરોગ્ય, શિક્ષણ, ઉદ્યોગ સહિતના ક્ષેત્રમાં ગુજરાતના સર્વાંગીણ વિકાસના પરિણામે વર્ષ ૨૦૪૭ પહેલાં જ ગુજરાત સમગ્ર દેશમાં મોડલ સ્ટેટ તરીકે ઉભરી આવશે તેઓ ભાવ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. હેલ્થ ડિપ્લોમસી જેવા વિષય પર સંવાદનું આયોજન કરવા બદલ અભિનંદન આપતા મિનિસ્ટ્રી ઓફ એક્સટર્નલ અફેર્સના IFS અધિકારી શ્રી કજરી વિશ્વાસે જણાવ્યું હતું કે, ભારત આરોગ્ય ક્ષેત્રે હર હંમેશ આગળ રહ્યું છે. આપણા દેશે ટેકનોલોજીના વિકાસની સાથે સાથે આયુર્વેદ, યોગ અને હોમિયોપેથી જેવી પ્રાચીન પદ્ધતિઓને પણ અપનાવ્યું છે. કોવિડ જેવી વૈશ્વિક મહામારીમાં સ્વદેશી વેકસીન બનાવીને ભારતે વિશ્વ આખાને અચરજમાં મુક્યું હતું. G20ની યજમાનીમાં પણ ભારતના આરોગ્ય ક્ષેત્રનું ઉત્તમ પ્રદર્શન પુરા વિશ્વએ જોયું છે. કોવિન જેવી એપલીકેશનની વિશ્વ આખાએ નોંધ લીધી છે.

આ પ્રસંગે IIPHGના નિયામક ડૉ. દીપક સકસેનાએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમણે IIPHGની પ્રેરણા ઉપરાંત જાહેર સ્વાસ્થ્યને સુદ્રઢ બનાવવા માટેનું પાયારૂપ IIPHGનું માળખું ઊભું કરવા માટે જરૂરી સહકાર અને પીઠબળ પૂરું પાડવા બદલ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો. નિયામકશ્રીએ ઉપસ્થિત સૌને IIPHGની વિશેષતાઓ અને સિદ્ધિઓ અંગે પણ વિસ્તૃત સમજ આપી હતી. સાથે જ તેમણે બે દિવસીય "હેલ્થ ડિપ્લોમેસી પ્રોગ્રામ"ની પણ વિગતો આપી હતી. હેલ્થ ડિપ્લોમસી સંવાદના ઉદ્ગાટન સમારંભમાં પર્યટન વિભાગના સચિવ શ્રી રાજેન્દ્ર કુમાર, આરોગ્ય વિભાગના અગ્ર સચિવ શ્રી ધનંજય દ્વિવેદી, IIPHGના ડિરેક્ટર શ્રી દિપક સક્સેના, IIPHGના રજિસ્ટાર શ્રી ડૉ. અનિષ સિન્હા તથા પાર્ટનર કન્ટ્રીના એમ્બેસેડર, વિવિધ દેશોનાં પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

## તંત્રી લેખ......

### ભારતની લશ્કરી તાકાત વિકાસવાદને વરેલી

ભારતે તેનો ૭૭મો સૈન્ય દિવસ નૌકાદળમાં બે યુદ્ધ જહાજ અને એક સબમરીનનો સમાવેશ કરીને અનોખી રીતે ઊજવ્યો છે. બુધવારે મુંબઈમાં યોજાયેલા એક ગૌરવભર્યા સમારંભમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ત્રણે જહાજ રાષ્ટ્રસેવામાં અર્પણ કરીને ભારતીય લશ્કરી દળોના ઈતિહાસમાં અનોખો દિવસ અંકિત કર્યો હતો. આઈએનએસ સુરત, આઈએનએસ નીલગિરિ અને સબમરીન આઈએનએસ વાઘશીરનો નૌકાદળમાં સમાવેશ થવા પ્રસંગે ભારતે વિશ્વને સંદેશ આપ્યો છે કે, તેની લશ્કરી ક્ષમતા માત્ર ને માત્ર શાંતિ, વિકાસ અને આત્મરક્ષણ માટેની છે. ચાર વખત પાકિસ્તાન અને એક વખત ચીન સાથે જંગ લડવી પડી હોવા છતાં ભારતે તેની લશ્કરી શક્તિનો આક્રમકતા કે વિસ્તારવાદ માટે કદી ઉપયોગ કર્યો નથી. નૌકાદળના ત્રણે શક્તિશાળી જહાજ અને સબમરીન રાષ્ટ્રને અર્પણ કરતી વેળાએ વડાપ્રધાન મોદીએ વિશ્વને હૈયાધારણ આપી કે ૨૧મી સદીમાં ભારત તેની સૈન્ય શક્તિને વધુ સક્ષમ અને આધુનિક બનાવે તે તેની અગ્રતા છે, પણ આ શક્તિનો ઈરાદો વિસ્તારવાદ નહીં પણ વિકાસવાદનો છે. દેશની વિકાસયાત્રા વણથંભી અને અંતરાય વગરની બની રહે તે માટે લશ્કરી તાકાતને મજબૂત અને હાઈટેક બનાવાઈ રહી છે. ભારતની લશ્કરી તાકાત કોઈ અન્ય દેશને હેરાન કરવા માટેની ન હોવાનો ઉલ્લેખ કરીને વડાપ્રધાને જો કે, સ્પષ્ટ કર્યું હતું કે, જો કોઈ આપણી સામે આંખ ઉઠાવીને જોશે તો તેનો યોગ્ય જવાબ અપાશે. ભારતીય લશ્કર આજે વિશ્વમાં શક્તિશાળી સૈન્યોની સરખામણીએ આવી ગયું છે. વૈશ્વિક સાઉથના વિસ્તારમાં ભારતની લશ્કરી તાકાત પર દુનિયાના દેશોને ભરોસો છે. આમ તો આ વિસ્તારમાં ચીનની લશ્કરી તાકાત પ્રથમ ક્રમની છે, પણ તેના વિસ્તારવાદી વલણને લીધે કોઈને તેના પર જરા પણ વિશ્વાસ નથી. ઉલ્લેખનીય છે કે, હાલના વૈશ્વિક વ્યૂહાત્મક સમીકરણોમાં હિન્દ મહાસાગર અને હિન્દ પ્રશાંત મહાસાગરના દરિયાઈ માર્ગોનું મહત્ત્વ અનેકગણું વધ્યું છે. આવા સંજોગોમાં ભારતની દરિયાઈ તાકાત આ દરિયાઈ વિસ્તારોમાં સલામતીનું ચાવીરૂપ માધ્યમ બની ચૂકી છે. દરિયાઈ ચાંચિયા હોય કે પછી દાણચોરી જેવા ગુના હોય ભારતીય નૌકાદળ વિશ્વના જહાજી વ્યવહાર માટે રક્ષણ પૂરું પાડે છે, તો બીજી તરફ ભારતની મજબૂત સલામતી વ્યવસ્થા વિકાસને વધુ ભરોસાપાત્ર બનાવવા માટે અનિવાર્ય છે. નૌકાદળની વધેલી તાકાતથી ભારતના વિકાસવાદના મંત્રને સલામતીનો વધારાનો ઓપ મળશે એમાં કોઈ શંકા જણાતી નથી. આવનારા સમયમાં ભારતીય લશ્કર ચીન અને પાકિસ્તાન જેવા દુશ્મનાવટભર્યા પડોશીઓના ઈરાદા સામે વધુ મજબૂત બનતું રહેશે, તેની સાથોસાથ આત્મનિર્ભતાના લક્ષ્યને હાંસલ કરવામાં વધુ પ્રગતિ સાધશે એમ હાલના હકારાત્મક માહોલ પરથી સ્પષ્ટ રીતે જણાઈ રહ્યંઅ છે. ત્રણે યુદ્ધ જહાજને જે રીતે મઝગાવ ડોકયાર્ડે ઘરઆંગણે તૈયાર કરવા ઉપરાતં તેમાં ૭૫ ટકા સ્વદેશી સરંજામનો ઉપયોગ કર્યો તે હકીકત આવનારા સમયમાં સરંક્ષણ ઉત્પાદનમાં પણ ભારતની હથોટીનો વિશ્વને પરચો કરાવવા સક્ષમ છે.

## વચેટીયો રૂ. ૧૫ લાખની લાંચ લેતો ઝડપાયો

# છાપી ગામના મહિલા સરપંચના પતિ વતી વચેટીયો લાંચ લેતો ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના છાપી ગ્રામ પંચાયતના સરપંચના પતિ મુકેશ ચૌધરી અને બોર ઓપરેટર પ્રવીણ ઠાકોરે ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન (GIDC) પ્લોટ કેસમાં હાઈકોર્ટની પિટિશન પાછી ખેંચવા માટે ૫૦ લાખની લાંચની માંગણી કરી હતી.

જેની સામે ફરિયાદીએ એન્ટી કરપ્શન બ્યુરો (ACB)નો સંપર્ક કરતા એસીબીએ છટકું ગોઠવ્યું હતું.

ફરિયાદીની જ્યોતિનગર સ્થિત સુકુનવિલા સાઈટની ઓફિસમાં બોર ઓપરેટર પ્રવીણ ઠાકોર ૧૫ લાખની લાંચ લેતા રંગેહાથ પકડાયો હતો. જ્યારે સરપંચ પતિ મુકેશ ચૌધરીને ઓફિસ બહાર તેની કારમાંથી ઝડપી લેવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, બનાસકાંઠા જિલ્લામાં એ છાપી GIDCમાં પ્લોટની માલિકી પરત આપવા માટે ૩૫ લાખની લાંચ માંગવાના કેસમાં સરપંચના પતિ સહિત બે વ્યક્તિઓને ઝડપી લીધા છે. ACB કેસની વિગતો મુજબ, ૨૦૧૯માં છાપી GIDCમાં ટીડીઓ દ્વારા જાહેર હરાજીથી ૨૭ પ્લોટ આપવામાં આવ્યા હતા. દરમિયાન પાછળથી કેટલીક અરજીઓને પગલે ડીડીઓ બનાસકાંઠાએ હરાજી રદ કરી હતી. પ્લોટધારકોએ વિકાસ કમિશનર ગાંધીનગરમાં રિવિઝન અરજી કરતાં, તેમણે ડીડીઓનો હુકમ રદ કરી પ્લોટધારકોની તરફેણમાં નિર્ણય આપ્યો હતો.

## પૂણે-નાસિક હાઈ વે પર ભીષણ અકસ્માત

# રસ્તામાં ઊભેલી કારને ટેમ્પોએ ટક્કર મારતાં નવ લોકોના મોત

## મૃતકોના પરિવારજનોને ૫-૫ લાખની સહાયની જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)પૂણે

મહારાષ્ટ્રના પૂણેના નારાયણગાંવ વિસ્તારમાં શુક્રવારે (૧૭ જાન્યુઆરી, ૨૦૨૫) લગભગ સવારે ૧૦ વાગ્યે પુણે-નાસિક હાઈવે પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં ૯ લોકોના મોત થયા હોવાના અહેવાલ છે.

મળતી માહિતી અનુસાર, અહીં એક પૂરપાટ ઝડપે આવી રહેલા ટેમ્પોએ મિની વાન(કાર)ને પાછળથી ટક્કર મારી હતી. ત્યારબાદ મિની વાન ત્યાં ઊભેલી એક બસ સાથે અથડાઈ ગઈ. ઘટના બાદ ટેમ્પો ચાલક ફરાર થઈ ગયો હતો.

જણાવી દઈએ કે, દુર્ઘટના ત્યારે બની જ્યારે આ લોકો નાસિકથી પુણે જઈ રહ્યા હતા. મૃતકોમાં ચાર મહિલાઓ, ચાર પુરુષ અને એક બાળક સામેલ છે. જ્યારે અન્ય ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ મોકલાયા છે.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ દુર્ઘટનાને લઈને દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે દરેક મૃતકના પરિવારજનોને ૫ લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી ફડણવીસે 'ઠ' પર પોસ્ટમાં કહ્યું કે, 'પુણે-નાસિક હાઈવે પર નારાયણગાંવ નજીક એક દુર્ઘટનામાં ૯ લોકોના મોતની ઘટના ખુબ દુર્ભાગ્યપૂર્ણ છે. હું તેમને શ્રદ્ધાંજલિ આપું છું. અમે તેમના પરિવારોના દુઃખમાં સામેલ છીએ.'

## રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના જન્મદિવસે આજે રાજભવનમાં રક્તદાન કેમ્પ યોજાશે

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના જન્મદિવસે, તા. ૧૮મી જાન્યુઆરીને શનિવારે સવારે ૮.૦૦ વાગ્યાથી રાજભવન, ગાંધીનગર ખાતે રાજભવન પરિવાર દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના જન્મદિવસે અને લેડી ગવર્નર શ્રીમતી દર્શનાદેવીજીના જન્મદિવસે રાજભવનમાં રક્તદાન કેમ્પ યોજવાની રાજયપાલશ્રીની પરંપરા રહી છે.

સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર અને અમદાવાદ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અને લાયન્સ ક્લબ ઑફ અમદાવાદ હોસ્ટ તથા અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો ઓપરેટિવ બેંક લિમિટેડના સહયોગથી યોજાઈ રહેલા રક્તદાન કેમ્પ દરમિયાન રક્તદાન કરવા ઈચ્છતા અરક્તદાતાઓ પોતાના ઓળખકાર્ડ સાથે રાજભવન પધારી શકે છે.

## જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા વિશિષ્ટ આયોજન

# બોર્ડ પરીક્ષા પૂર્વાનુભૂતિ ૨૦૨૫: અમદાવાદ ગ્રામ્ય જિલ્લાની ૬૨૪ શાળાઓમાં ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે યોજાશે પ્રીબોર્ડ પરીક્ષા

અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે 'બોર્ડ પરીક્ષા પૂર્વાનુભૂતિ ' કાર્યક્રમ યોજવામાં આવનાર છે, જેનો શુભારંભ આવતી કાલે તા. ૧૮.૦૧.૨૦૨૫ ના રોજ સમગ્ર જિલ્લાની કુલ ૬૨૪ શાળાઓમાં સવારે ૮.૦૦ વાગે સામાજિક વિજ્ઞાન વિષયની પરીક્ષા સાથે થશે.

ગીતા હાઈસ્કુલ રાણીપ ખાતે અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી શ્રી કૃપાબહેન જહા આવતી કાલે સવારે ૭.૩૦ થી ૭.૪૫ દરમ્યાન પરીક્ષાર્થીઓનું સ્વાગત કરીને શુભેચ્છા આપશે.

બોર્ડ પરીક્ષા પદ્ધતિ અનુસાર જિલ્લાના ૮ કેન્દ્રો ખાતે ૧૬ તારીખે સ્ટ્રોંગ રૂમ તૈયાર કરી પ્રશ્નપત્રો સુરક્ષિત રાખવામાં આવ્યા હતા તથા ૧૭ જાન્યુઆરીના રોજ ઊઢઝ કેન્દ્રો મારફતે શાળાઓ સુધી પહોંચાડવામાં આવ્યા.

તારીખ ૧૮ જાન્યુઆરીના રોજ પરીક્ષા ખંડમાં વિદ્યાર્થીઓની હાજરીમાં પ્રશ્નપત્રો ખોલવામાં આવશે અને તેમની સહી પણ લેવામાં આવશે.

હોલ ટીકીટ, તમામ પ્રકારના પત્રકો વગેરે સંપૂર્ણ પરીક્ષા પદ્ધતિની પૂર્વાનુભૂતિ વિદ્યાર્થીઓને કરાવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં ગુજરાતી માધ્યમના ૩૧૫૮૮, અંગ્રેજી માધ્યમના ૮૦૮૮ અને હિન્દી માધ્યમના ૨૪૨૦ મળીને કુલ ૪૨૦૯૬ વિદ્યાર્થીઓ આ બોર્ડ પરીક્ષા પૂર્વાનુભૂતિ ૨૦૨૫ દ્વારા બોર્ડની પરીક્ષાનો અનુભવ મેળવશે.

# પશ્ચિમ રેલવે ચલાવશે અમદાવાદ અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે બે જોડી સ્પેશલ ટ્રેનો

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે બે જોડી સ્પેશિયલ ટ્રેનો વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છે.

૧. ટ્રેન નંબર ૦૯૦૯૨/૦૯૦૯૧ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૦૯૨ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ (રવિવાર) ના રોજ અમદાવાદથી ૦૧:૪૦ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૦૮:૪૦ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૯૧ બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૫ જાન્યુઆરી ૨૦૨૫ (શનિવાર) ના રોજ બાંદ્રા ટર્મિનસથી ૦૬:૧૫ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૧૪:૦૦ કલાકે અમદાવાદ પહોંચશે.

આ ટ્રેન રૂટ પર બંને દિશામાં વડોદરા, ભરૂચ, ઉધના, વાપી અને બોરીવલી સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી-૩ ટાયર અને એસી ચેરકાર શ્રેણીના કોચ હશે.

૨. ટ્રેન નંબર ૦૯૦૦૬/૦૯૦૦૫ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૦૦૬ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૭ જાન્યુઆરી ૨૦૨૫ (સોમવાર)ના રોજ અમદાવાદથી ૦૦:૫૦ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૦૮:૩૦ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૦૫ બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ (રવિવાર) ના રોજ બાંદ્રા ટર્મિનસથી ૦૬:૧૫ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૧૩:૦૦ કલાકે અમદાવાદ પહોંચશે.

આ ટ્રેન રૂટ પર બંને દિશામાં વડોદરા, ભરૂચ, ઉધના, વાપી અને બોરીવલી સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી-૨ ટાયર અને એસી-૩ ટાયર શ્રેણીના કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૦૯૨, ૦૯૦૯૧, ૦૯૦૦૬ અને ૦૯૦૦૫ માટે બુકિંગ ૧૮ જાન્યુઆરી ૨૦૨૫ થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર ખુલશે. ટ્રેનના ઓપરેટિંગ સમય, સ્ટોપેજ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# અમદાવાદ સ્ટેશન પર ચાલી રહેલા પુનઃવિકાસ કાર્યને કારણે કેટલીક ટ્રેનોના આગમન/પ્રસ્થાન અમદાવાદને બદલે વટવા/મણિનગરથી કરવામાં આવશે

અમદાવાદ સ્ટેશન પર ચાલી રહેલા પુનઃવિકાસ કાર્યને કારણે કેટલીક ટ્રેનોના આગમન/પ્રસ્થાન અમદાવાદને બદલે વટવા/મણિનગરથી કરવામાં આવશે. પશ્ચિમ રેલવેના અમદાવાદ સ્ટેશન પર ચાલી રહેલા પુનઃવિકાસ કાર્યના સંદર્ભમાં ઈન્ઢછ દ્વારા પ્રસ્તાવિત બ્લોકને કારણે ૨૩ જાન્યુઆરી ૨૦૨૫થી આગળની સૂચના સુધી અમદાવાદથી આગમન/પ્રસ્થાન કરતી કેટલીક ટ્રેન સેવાઓ અમદાવાદના બદલે વટવા/મણિનગર સ્ટેશનથી ચાલશે. ટ્રેનના સમયપત્રક મુજબ મુસાફરોની સુવિધા માટે વટવા સ્ટેશનથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા વિવિધ સ્થળોએ જવા માટે AMTS બસોની વ્યવસ્થા કરવામાં આવશે. પ્રભાવિત થવા વળી ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.

અમદાવાદને બદલે વટવા/મણિનગરથી ઉપડતી ટ્રેન

૧. ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ થી, ટ્રેન નંબર ૧૯૦૩૬ અમદાવાદ-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ અમદાવાદને બદલે મણિનગરથી (૧૪:૧૦ કલાકે) ઉપડશે.

૨. ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ થી, ટ્રેન નંબર ૬૯૧૩૦ અમદાવાદ-આણંદ મેમુ અમદાવાદને બદલે વટવાથી (૧૮.૩૫ કલાકે) ઉપડશે.

૩. ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ થી, ટ્રેન નંબર ૬૯૧૧૬ અમદાવાદ-આણંદ મેમુ અમદાવાદને બદલે વટવા થી (૨૩:૧૦ કલાકે) ઉપડશે.

અમદાવાદને બદલે મણિનગર/વટવા સ્ટેશન પર ટર્મિનેટ (સમાપ્ત) થવા વાળી ટ્રેનો

૧. ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ થી, ટ્રેન નંબર ૧૨૯૩૩ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ કર્ણાવતી એક્સપ્રેસ વટવા સ્ટેશન પર (૨૦.૫૦ કલાક) શોર્ટ ટર્મિનેટ થશે અને અમદાવાદ સ્ટેશન પર જશે નહીં.

૨. ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ થી, ટ્રેન નંબર ૧૯૪૧૭ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ એક્સપ્રેસ વટવા સ્ટેશન પર (૦૨.૪૫ કલાક) શોર્ટ ટર્મિનેટ થશે અને અમદાવાદ સ્ટેશન પર જશે નહીં.

૩. ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ થી, ટ્રેન નંબર ૧૯૦૩૫ વડોદરા-અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસ વટવા સ્ટેશન પર (૨૦.૩૫) વાગ્યે શોર્ટ ટર્મિનેટ થશે અને અમદાવાદ સ્ટેશન પર જશે નહીં.

૪. ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ થી, ટ્રેન નંબર ૬૯૧૦૧ વડોદરા-અમદાવાદ મેમુ વટવા સ્ટેશન પર (૦૯:૩૫ કલાક) શોર્ટ ટર્મિનેટ થશે અને અમદાવાદ સ્ટેશન પર જશે નહીં.

૫. ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ થી, ટ્રેન નંબર ૬૯૧૧૩ વડોદરા-અમદાવાદ મેમુ વટવા સ્ટેશન પર (૨૨.૫૫ કલાક) શોર્ટ ટર્મિનેટ થશે અને અમદાવાદ સ્ટેશન પર જશે નહીં.


મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે કૃપા કરીને મુસાફરી કરતી વખતે ઉપરોક્ત ફેરફારો ધ્યાનમાં રાખો. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com




RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004.
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટ : સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૨૬, ચાંદીના વાયદામાં રૂ.૬૧૮ અને ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૩ની નરમાઈ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૪૦૨૮.૯૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૫૬૭૩૦.૪૫ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૭૯૫૮.૧૫ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૭૦૭૬૦.૯૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૪૦૨૮.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં, જ્યારે કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૫૬૭૩૦.૪૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૩૪૦.૫૨ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૭૯૫૮.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૯૧૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૭૯૧૯૪ અને નીચામાં રૂ.૭૮૭૫૭ના મથાળે અથડાઈ, રૂ.૭૯૨૨૬ના આગલા બંધ સામે રૂ.૨૨૬ ઘટી રૂ.૭૯૦૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૮૦ ઘટી રૂ.૬૩૬૨૩ના ભાવ થયા હતા. જ્યારે ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧ ઘટી રૂ.૭૮૫૧ના ભાવ થયા હતા. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૮ ઘટી રૂ.૭૮૯૫૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૨૬૨૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૨૬૨૯ અને નીચામાં રૂ.૯૧૬૪૫ના મથાળે અથડાઈ, રૂ.૯૨૮૦૩ના આગલા બંધ સામે રૂ.૬૧૮ ઘટી રૂ.૯૨૧૮૫ના સ્તરે પહોંચ્યો હતો. આ સામે કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૫૮૦ ઘટી રૂ.૯૨૧૭૮ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૫૮૯ ઘટી રૂ.૯૨૧૬૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૫૮૨.૫૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબુ જાન્યુઆરી વાયદો ૬૫ પૈસા ઘટી રૂ.૮૩૭ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે જસત જાન્યુઆરી વાયદો રૂ.૩ વધી રૂ.૨૭૭.૧ના ભાવ થયા હતા. આ સામે એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.૨.૮ વધી રૂ.૨૫૫.૩૫ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે સીસું જાન્યુઆરી વાયદો ૬૫ પૈસા વધી રૂ.૧૭૮.૪૫ના ભાવે બોલાયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૪૫૮૯.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો બેરલદીઠ રૂ.૬૮૬૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૬૮૮૪ અને નીચામાં રૂ.૬૮૧૦ના મથાળે અથડાઈ, રૂ.૬૮૩૩ના આગલા બંધ સામે રૂ.૨૩ ઘટી રૂ.૬૮૧૦ના ભાવ થયા હતા. જ્યારે ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૨૪ ઘટી રૂ.૬૮૧૩ના ભાવ થયા હતા. આ સામે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૨.૫ ઘટી રૂ.૩૫૩.૮ના ભાવ થયા હતા. જ્યારે નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૨.૧ ઘટી રૂ.૩૫૩.૮ના ભાવે બોલાયો હતો.

કૃષિચીજોમાં મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૨૫ના ભાવે ખૂલી, ૧૦ પૈસા ઘટી રૂ.૯૨૬.૬ના ભાવે બોલાયો હતો. કોટન ખાંડી જાન્યુઆરી વાયદો ખાંડીદીઠ રૂ.૧૬૦ ઘટી રૂ.૫૪૦૬૦ના ભાવ થયા હતા.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૪૫૭૦.૮૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૩૩૮૭.૩૧ કરોડના વેપાર થયા હતા. તાંબાના વાયદાઓમાં રૂ. ૬૩૪.૧૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬૨.૨૩ કરોડ, સીસુ અને સીસુ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૫.૮૧ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૬૨૦.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં.

ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦૪૯.૫૭ કરોડનાં વેપાર થયા હતા. જ્યારે નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૫૩૯.૮૫ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદાઓમાં રૂ. ૫.૦૩ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદાઓમાં રૂ. ૮.૯૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૭૫૫૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૨૯૦૮૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૫૬૯૧ લોટ અને ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૭૨૪૭૭ લોટના સ્તરે હતો. જ્યારે ચાંદીના વાયદાઓમાં ૨૩૨૭૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૯૧૦૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૪૮૧૩૫ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૮૬૬૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૯૭૮૯ લોટના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૨.૬ ઘટી રૂ.૨૨૪.૬ના ભાવ થયા હતા. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૨૫ ઘટી રૂ.૧૭.૫ના ભાવે બોલાયો હતો.

સોનું જાન્યુઆરી રૂ.૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૨.૫ ઘટી રૂ.૩૨૦ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૯૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૨૭ ઘટી રૂ.૩૦૩૫ના ભાવ થયા હતા. તાંબુ જાન્યુઆરી રૂ.૮૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૮ પૈસા ઘટી રૂ.૬.૯૫ના ભાવ થયા હતા. જસત જાન્યુઆરી રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૨ પૈસા વધી રૂ.૧.૬૩ના ભાવ થયા હતા. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૬૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩.૫૫ ઘટી રૂ.૨૨૫.૭ના ભાવે બોલાયો હતો. આ સામે નેચરલ ગેસ-મિની જાન્યુઆરી રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩૫ ઘટી રૂ.૧૭.૫૫ના ભાવે બોલાયો હતો. જ્યારે સોનું-મિની જાન્યુઆરી રૂ.૭૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૮.૫ ઘટી રૂ.૬૭૭ના ભાવ થયા હતા. આ સામે ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૯૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૧૯ ઘટી રૂ.૨૯૦૪ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૯.૭ વધી રૂ.૨૭૯.૪ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૫ પૈસા વધી રૂ.૧૭.૬૫ના ભાવ થયા હતા.

સોનું જાન્યુઆરી રૂ.૭૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦.૫ વધી રૂ.૩૦૩ના ભાવ થયા હતા. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૯૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૪૧.૫ વધી રૂ.૨૭૭૨.૫ના ભાવે બોલાયો હતો. તાંબુ જાન્યુઆરી રૂ.૮૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૪ પૈસા ઘટી રૂ.૯.૨૯ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૯૪ પૈસા ઘટી રૂ.૦.૬ના ભાવ થયા હતા. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૬૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૯.૧૫ વધી રૂ.૨૮૧ના ભાવ થયા હતા. આ સામે નેચરલ ગેસ-મિની જાન્યુઆરી રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૫ વધી રૂ.૨૩.૫ના ભાવ થયા હતા. જ્યારે સોનું-મિની જાન્યુઆરી રૂ.૭૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨.૫ વધી રૂ.૩૦૫.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૯૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૪૪.૫ વધી રૂ.૨૬૬૬ના ભાવ થયા હતા.

# ગુજરાતમાં ઠંડા પવનો ફુંકાતા ઠંડીનુ જોર વધ્યુંઃ ૧૮ તારીખ બાદ ઠંડીમાં આંશિક રાહત મળે તેવી સંભાવના

પ્રતિનિધિ,ગાંધીનગર

ઉત્તરાયણ દરમિયાન ઠંડીનુ જોર પ્રમાણમાં જ રહ્યુ હતું ગુજરાતમાં ઠંડીનુ જોર હવે ધીરે ધીરે વધી રહ્યુ છે. મોટા ભાગે ૧૫ જાન્યુઆરી પછી તાપમાનમાં વધારો થતો હોય છે પરંતુ આ વખતે શિયાળો વધારે ચાલે તેવુ લાગી રહ્યુ છે. આજે વહેલી સવારથી પવન ફુંકાયો જેથી ઠંડીનુ જોર વધ્યુ છે. આગામી ૩ -૪ દિવસ સુધી ઠંડી હતી તાપમાનમાં વધારો થવાની કોઈ સંભાવના નથી, હજુ પણ રાજયમાં ઠંડીનુ જોર યથાવત રહેશે તેવુ હવામાન વિભાગનુ કહેવુ છે. હવામાન વિભાગે ૧૮ તારીખને લઈ કહ્યુ છે કે આજે તા. ૧૮ મી થી ઠંડીમાં આંશિક રાહત મળે તેવી સંભાવનાઓ છે. આ દરમિયાન તાપમાન ૧ થી ૨ ડીગ્રી સેલ્સિયસ વધવાની સંભાવના છે. આ ૧૮ તારીખ પછી પવનની ગતિમાં ઘટાડો થઈ શકે છે. જો કે ૧૮ તારીખ પછી ઝાકળ પડશે તેવુ લાગી રહ્યુ છે. આખા રાજયમાં તેનો પ્રભાવ જોવા નહી મળે માત્ર સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં ઝાકળ પડી શકે છે. એટલુ જ નહી પરંતુ સૌરાષ્ટ્ર કચ્છના દરીયાકાંઠાના વિસ્તારો સાથે સાથે ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં પણ ઝાકળ જોવા મળી શકે છે. હજુ થોડા દિવસ ઠંડી રહેશે તો શિયાળુ પાકને ફાયદો થશે તેવુ ખેડુતોનુ માનવુ છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો અત્યારે રાજયમાં અનેક વિસ્તારોમાં ઠંડા પવનો ફુંકાયા છે. જેના કારણે ઠંડી વધારે લાગી રહી છે. શહેરી વિસ્તારો કરતા ખુલ્લો વિસ્તાર હોવાના કારણે ગામડાઓમાં ઠંડીનુ જોર વધારે હોય તેવુ લાગી રહ્યુ છે. પરંતુ જો ઠંડીમાં ઘટાડો નહી થાય તો આગામી સમયમાં પાકને કેવી અસર થશે તે હવે જોવુ રહ્યું.

# રાજયના ખેડુતો પર પડયા પર પાટુ મારવા સમાન : ઈફકો રાસાયણીક ખાતરના ભાવમાં ૨૫૦ રૂપીયાનો વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજયના ખેડુતોને ખાતર ના ભાવમાં ૨૫૦ રૂપીયા વધુ આપવા પડશે. ઈફકો એ રાસાયણીક ખાતરના ભાવમાં વધારો કરી દીધો છે. સુત્રોના જણાવ્યા મુજબ રાસાયણીક ખાતરમાં પ્રતિ ૫૦ કિલો ભાવમાં ૨૫૦ રૂપીયાનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એનપીકે૧૦૨૬૨૬ અને એનપીકે ૧૨૩૨૧૬ ના ભાવમાં ૨૫૦ રૂપીયાનો વધારો કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ રાસાયણીક ખાતરની થેલીના ભાવ પ્રતિ ૫૦ કિલો ૧૭૨૦ રૂપીયા થયા હતા. આ નવો ભાવ વધારો ૩ જાન્યુઆરીથી અમલમાં આવ્યો હતો. જો કે આ ભાવવધારાથી ખેડુતો રોષે ભરાયા છે. રાસાયણીક ખાતરના ભાવમાં વધારો થતા ખેડુતોના ખેત ઉત્પાદનના ખર્ચમાં પણ વધારો થશે. રવી અને ખરીફ વાવેતરમાં રાસાયણીક ખાતરનો ઉપયોગ થાય છે. રાજયમાં અંદાજે ૭ લાખ મેટ્રીક ટન ખાતરનો વપરાશ થાય છે. કિસાન સંઘના પૂર્વ અધ્યક્ષ વિઠ્ઠલ દુધાત્રાએ કહ્યુ હતુ કે ખેડુતો માટે આ ભાવવધારો કમરતોડ છે. ખેડુતોની આવકમાં મોટો ઘટાડો થશે. ખેડુત નેતા જયેશ પટેલે કહ્યુ હતુ કે ખાતરપરનો ભાવ વધારો પોષાય તેમ નથી. ખાતરના ભાવ વધારાથી ખેડુતોને મોટો ઝટકો લાગશે. કિસાન સંઘ પ્રદેશ મહામંત્રી આર કે પટેલે કહ્યુ હતુ કે ખાતર પરનો ભાવ વધારો અયોગ્ય છે. આ ભાવવધારો ખેડુતો માટે આત્મઘાતી નિવડશે. કોંગ્રેસ નેતા મનહર પટેલે કહ્યુ હતુ કે ભાજપ સરકારમાં ખેડુતને વધુ એક ઝટકો પડયો છે. ખાતરની જરૂર છે ત્યારે જ સરકારે ખેડુતોને મોટો ઝટકો આપ્યો છે. ભાવવધારાનુ કારણ સરકારે જાહેર કરવુ જોઈએ દર વરસે બિયારણ અને ખાતરના ભાવ વધે છે. રાજયમાં નકલી બિયારણનુ ધુમ વેચાણ થઈ રહ્યુ છે. સરકારનો ખેડુત પ્રત્યેનુ વર્તન યોગ્ય નથી તો બીજી તરફ સૌરાષ્ટ્રના અલગ અલગ વિસ્તારના ખેડુતોએ કહ્યુ એક પણ જણસના ભાવ સારા મળતા નથી. ડુંગળી, મરચા, મગફળી અને કપાસ સહિતની મુખ્ય જણસના ભાવ આ વરસે તળીયે પહોચ્યા હતા ગત વર્ષ કરતા પણ દરેક જણસના ભાવ ઓછા મળી રહ્યા છે. ઉત્પાદન પડતર કરતા પણ નીચા ભાવે ખેડુતોને વેચવાની ફરજ પડે છે.

# ગુજરાતમાં નકલીની બોલબાલાઃ હવે બાકી હતુ તેમ કડીમાં નકલી વિદેશી દારૂ બનાવતી મીની ફેકટરી પકડાઈઃ ખેતરની ઓરડીમાં ધમધમતી હતી નકલી ફેકટરી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



કડી પોલીસે મોડી રાત્રે અચરાસણ ગામની સીમમાં આવેલા એક ખેતરની ઓરડીમાંથી નકલી વિદેશી દારૂ બનાવવાની મીની ફેકટરી ઝડપી લીધી છે. પોલીસે આ કાર્યવાહી દરમિયાન કલર, માલ્ટ , કેમીકલ અને આલ્કોહોલ મિકસ કરી દારૂ બનાવતા બે શખ્સની ધરપકડ કરી છે અને ૧૦૦ લીટર થી વધુ વિદેશી દારૂ જપ્ત કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક વરસોથી સમગ્ર ગુજરાત અને દેશમાં નકલી વસ્તુઓનુ ચલણ વધ્યુ છે અને નકલીની બોલબાલા વધી ગઈ છે. જેમાં નકલી પોલીસ અધિકારી, પીએમઓ કર્મચારી અને ખાદ્ય પદાર્થોના કેસો બહાર આવી રહ્યા છે. ત્યારે કડી પોલીસ સ્ટેશનના પીઆઈ એએન સોલંકીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ રાજેન્દ્ર પાટીલ અને તેમની ટીમ પ્રોહીબીશનની કામગીરી અંતર્ગત પેટ્રોલીંગમાં હતી આ દરમિયાન તેમને બાતમી મળી હતી કે અચરાસણ ગામની સીમમાં છેલ્લા કેટલાક સમયથી નકલી વિદેશી દારૂની ફેકટરી ધમધમી રહી છે. પોલીસે રેડ દરમિયાન ઓરડીમાંથી નકલી વિદેશી દારૂની ભરેલી બોટલો , ખાલી બોટલો અને આલ્કોહોલ જપ્ત કર્યો હતો. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ કડી પોલીસને માહિતી મળી હતી કે કડીના અચરાસણ ગામની સીમમાં આવેલી વિશ્વરાજ રબર ઈન્ડ્રસ્ટ્રીઝ નામની ફેકટરીની સામે એક ખેતર આવેલુ છે જેમાં ઓરડી છે એની અંદર કેટલાક ઈસમો કેમીકલ મીકસ કરીને વિદેશી દારૂ બનાવી રહ્યા છે. જેને લઈ પોલીસ દ્વારા રેડ પાડવામાં આવી હતી જયાં પોલીસે વિદેશી દારૂ બનાવતી મીની ફેકટરી ઝડપી પાડી હતી. વિદેશી દારૂ બનાવતા ગગન જયંતીભાઈ (રહે.બુડાસણ તા.કડી ) હર્ષદ મગનભાઈ વાઘેલા (રહે.બુડાસણ તા.કડી), ઓરડીના ભોયતળીયે બેસી ઈંગ્લીશ દારૂની કાચની બોટલ પર હેન્ડ પ્રેસીંગ મશીનથી બુચ બંધ કરી રહ્યા હતા. તેમને પોલીસ દ્વારા રંગે હાથ ઝડપી લીધા હતા. પોલીસે સ્થળ ઉપરથી અલગ અલગ કેમીકલ મિકસ કરીને રોયલ ચેલેન્જ ફલેવરનો ૧૦૦ લીટર નકલી વિદેશી દારૂ કિંમત રૂપીયા ૬૧,૩૦૦ અને ૪૫૦ લીટર કેમીકલ ઝડપી પાડયુ હતું. આ કેમીકલ બાબતે આરોપીઓને પુછતા તેમણે જણાવ્યુ હતુ કે અલગ અલગ કેમીકલમાં પાણી નાખી, આલ્કોહોલ ભેળવી એની અંદર કલર, માલ્ટ અને ફલેવર નાખી નકલી વિદેશી દારૂ તૈયાર કરવામાં આવતો હતો. આ સાથે પોલીસે ૪૫૦ લીટર આલ્કોહોલ કિંમત રૂપીયા ૨૨,૫૦૦ જપ્ત કર્યુ હતું. આ ઉપરાંત પોલીસે મીની વિદેશી દારૂની ફેકટરીમાંથી અલગ અલગ કેમીકલ તેમજ એસેન્સ, અલગ અલગ બ્રાન્ડની ખાલી બોટલો સહિત કુલ રૂપીયા ૧,૨૯,૫૨૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાથે જ ઝડપાયેલા બંને શખ્સો સામે ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મહેસાણા ડીવાયએસપી મિલાપ પટેલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે કડી પોલીસને કેટલા દિવસ થી માહિતી મળી હતી કડી વિસ્તારમાં કેટલાક લોકો કેમીકલ ભેળવી વિદેશી દારૂ બનાવી રહ્યા છે. કડી તાલુકાના અચરાસણ ગામની સીમમાં આવેલી એક જગ્યાની અંદર રોયલ ચેલેન્જ વિસ્કી ની ખાલી બોટલની અંદર વિવિધ કેમીકલ, એસેન્સ તેમજ હલ્કી ગુણવત્તાનો જે દારૂ છે તે ભેળવી બોટલ તૈયાર કરવામાં આવતી હતી. પોલીસ દ્વારા આ જગ્યા ઉપર રેડ પાડવામાં આવતા આ નેટવર્ક બુડાસણ ગામનો ગગન પટેલ ચલાવતો હોવાનુ બહાર આવ્યુ હતું. તેમજ તેની મદદ હર્ષદ વાઘેલા નામનો ઈસમ કરતો હતો. આ મામલે બંનેની ધરપકડ કરવામાં આવી છે આ બાબતે ૧,૨૯, ૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. આ કેમીકલ કયાંથી મેળવવામાં આવેલુ છે, છેલ્લા કેટલા સમયથી આ વેચાણ ચાલી રહ્યુ છે તેમજ આ મામલે કોણ કોણ સામેલ હતુ તેમજ દારૂ કયાં વેચાણ થતો હતો તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે.

# અમદાવાદમાં પોલીસ વાનમાં દારૂ લઈ જતા પોલીસ કર્મી અને હોમગાર્ડ ઝડપાયા

## રીક્ષામાંથી દારૂ મળતા રોકડી કરવાનુ વિચાર્યુ હતુંઃ રોકડી કરે તે પહેલા જ પોલીસે બાતમીના આધારે ખેલ પાડી દીધો

પ્રતિનિધિ,ગાંધીનગર



અમદાવાદમાં પોલીસ કર્મી અને તેના સાથીઓએ એક રીક્ષા રોકી હતી અને તેમાંથી જાણે લોટરી લાગી હોય તેમ દારૂની બોટલો મળી આવી હતી. દારૂની બોટલો મળ્યા બાદ પોલીસે કાર્યવાહી કરવાના બદલે દારૂ પીસીઆર વાન માં મુકી દીધો હતો. હવે કયાંક રોકડી થઈ જશે તેવુ વિચારી રહ્યા હતા. તેટલા માં જ અન્ય પોલીસ કર્મીઓએ પીસીઆર વાનને અટકાવી તપાસ કરતા દારૂ અને રોકડ રકમ મળી આવી હતી. આ મામલે બંને પોલીસ કર્મીઓ વિરુધ્ધ ગુન્હો નોધી તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ નરોડા પોલીસ સ્ટેશનના ડી સ્ટાફ માં ફરજ બજાવતા કિરણકુમાર બાબુજીએ ફરીયાદ નોંધાવી હતી કે તેઓ નરોડા પોલીસ લાઈનના ગેટ પાસે ગેલેકસી ચાર રસ્તા તરફ હતા તે સમયે નરોડાના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એ આર ધવન એ જણાવ્યુ હતુ કે પોલીસ સ્ટેશનની પીસીઆરવાન નં.૯૧ માં મોબાઈલ વાનના ઈન્ચાર્જ તથા તેમની સાથે નોકરી કરતા હોમગાર્ડે કોઈ જગ્યાએ થી કાળા કલરની બેગમાં વિદેશી દારૂની સીલબંધ બોટલો પીસીઆર માં રાખી છે. આ માહિતી આધારે પોલીસે પીસીઆર વાન રોકીને તપાસ કરતા પીસીઆર ના ઈન્ચાર્જ પોતાનુ નામ સતીષ જીવણજી ઠાકોર અને તેમની સાથે હાજર હોમગાર્ડે પોતાનુ નામ વિક્રમસિંહ રણજીતસિંહ રાજપુત હોવાનુ જણાવ્યુ હતું.

પોલીસે જયારે પીસીઆરવાન માં તપાસ કરી ત્યારે પાછળની સીટ માં બેસેલ હોમગાર્ડ વિક્રમસિંહે ગાડીમાંથી એક કાળા કલરનો થેલો લઈ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે તેને રોકી લેતા તેના થેલામાંથી દારૂની બે બોટલ અને ૩૦ હજાર રૂપીયા રોકડા મળી આવ્યા હતા.

આ બંનેની પાસે કોઈ યોગ્ય જવાબ ન મળતા પોલીસે બંનેની ધરપકડ કરી કાર્યવાહી શરૂ કરી છે. સુત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે જે રીક્ષામાં દારૂ હતો તેની પાસેથી પોલીસે લઈ લીધો હતો. ત્યારબાદ રીક્ષા ચાલકે જ આ અંગે તેના પરિચિતને ફોન કર્યો અને તેણે આ વાત પોલીસને કહી હતી. જેથી આ ખેલ પકડાયો હતો.

# ગુજરાતનો મેડીકલ ટુરીઝમ ઉદ્યોગ વાર્ષિક ૩૦ ટકા ના દરે વિકાસઃ રાજયનુ ભારત મેડીકલ ટુરીઝમ ક્ષેત્રમાં ૨૫ થી ૩૧ ટકા યોગદાન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદ સીવીલ મેડીસીટીની યુ એન મહેતા ઈન્સ્ટિટયુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર ખાતે ગ્લોબલ હેલ્થ ટ્રાન્સફોર્મિંગ લાઈવ્સ બિયોન્ડ હોરાઈઝન્સ વિષય પર કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ૧૬ દેશોના તેમજ દેશના ૧૪ રાજયોના પ્રતિનિધિઓ અને એમ્બેસેડર ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે આ પ્રસંગે આરોગ્ય મંત્રી ઋષીકેશ પટેલે જણાવ્યુ હતુ કે આજે ભારત અને એમાંય ગુજરાત રાજય ઝડપથી મેડીકલ ટુરીઝમના કેન્દ્ર તરીકે ઉભરી રહ્યુ છે. વર્ષ ૨૦૨૨ માં ભારતનો મેડીકલ ટુરીઝમ ક્ષેત્ર ૭ બીલીયન ડોલરનો હોવાનો અંદાજ હતો. જેમાં દર વરસે ૭૮ દેશોમાંથી આશરે ૨૦ લાખ દર્દીઓ તબીબી, સુખાકારી અને આઈવીએફ સારવાર માટે ભારતમાં આવ્યા છે. આ ઉપરાંત ગુજરાત અને એમાંય ખાસ કરીને અમદાવાદ મેડીકલ ટુરીઝમ માટે એક કેન્દ્ર તરીકે ઉભરી આવ્યુ છે. જે સસ્તા દરે ગુણવત્તાયુકત તબીબી સારવાર પ્રદાન કરે છે. ભારતમાં મોટા ભાગના તબીબી પ્રવાસીઓ દક્ષિણ પૂર્વ એશિયા, મધ્ય પૂર્વ , આફ્રિકા અને સાર્ક પ્રદેશમાંથી આવે છે. આ ઉપરાંત અમેરીકા, આફ્રિકા અને યુકે ના દર્દીઓ તબીબી સારવાર માટે ભારત આવે છે જેમાં હૃદય રોગ, ઓર્થોપેડીક રોગો અને જઠરાંત્રીય રોગો નો સમાવેશ થાય છે. ગુજરાતનો મેડીકલ ટુરીઝમ ઉદ્યોગ વાર્ષિક ૩૦ ટકાના દરે વિકાસ પામી રહ્યો છે. એટલુ જ નહી ગુજરાત રાજય ભારતના મેડીકલ ટુરીઝમ ક્ષેત્રમાં ૨૫ થી ૩૧ ટકા યોગદાન આપે છે. અત્યાધુનિક હોસ્પીટલો, અદ્યતન ટેકનોલોજી અને હાઈલી સ્કીલ મેડીકલ પ્રોફેશનલ્સ ને કારણે ગુણવત્તા યુકત તબીબી સારવાર મેળવવામાં માંગતા લોકો માટે ગુજરાતે એટ્રેકટીવ ડેસ્ટિનેશન બન્યુ છે. એટલુ જ નહી ગુજરાતની ઘણી હોસ્પીટલો નોન રેસીડેન્ટ ગુજરાતઅી (એનઆરજી) અને આંતરરાષ્ટ્રીય દવાઓને સેવા આપવાનો વ્યાપક અનુભવ ધરાવે છે. રાજયની ઘણી હોસ્પીટલોએ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય અને વૈશ્વિક માન્યતાઓ મેળવી છે. ગુજરાતના હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચર અને સેવાઓને ગુણવત્તાયુકત અને વલ્ડકલાસ બનાવી NABH (national accreditation bord for hospital and health care providers) jci ( joint commission internetional) ના એક્રીડેશન માટેની નેમ વ્યકત કરી હતી. આ અંગે યુ એન મહેતા ઈન્સ્ટિટયુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટરના ડાયરેકટર ચિરાગ દોશીએ જણાવ્યુ હતુ કે આજે ગુજરાતમાં રોબોટીકસ ટેકનોલોજીમાં વધારો થઈ રહ્યો છે અને રોબો કાર્ડિયાક સર્જરીને વિકસાવવામાં આવી રહી છે. આજે યુ એન મહેતા હોસ્પીટલ દેશમાં સૌથી વધારે કાર્ડિયાક આઈસીયુ બેડ ધરાવતી હોસ્પીટલ બની છે. સાથે જ યુ એન મહેતા હોસ્પીટલ પશ્ચિમી દેશોમાં આજે ટોચનુ સ્થાન ધરાવે છે અને ભારતમાં ટોપ ૧૦ હોસ્પીટલો પૈકી એક હોસ્પીટલ બની છે તેવુ તેમણે કહ્યુ હતું. વર્ષ ૨૦૨૪ માં ૪૪૩ કીડની ટ્રાન્સપ્લાન્ટ કરનારી કીડની ઈન્સ્ટિટયુટ સહકારી સંસ્થાઓમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે રહી છે અને ગુજરાતભરમાં ડાયાલીસીસ સંદર્ભે આ સંસ્થાએ ૨૭૦ હોસ્પીટલોમાં ૩૨૫ મશીન વિકસાવી ઉમદા કાર્ય કરવાની કામગીરી કરી રહી છે.

પશ્ચિમ રેલ્વે

શુધ્ધિપત્ર સૂચના

ટેન્ડર નોટિસ નંબરઃ BCT/24-25/261 તા. 13/01/2025 અને DOP - તા. 07/02/2025; કાર્યનું નામ: અસ્તિત્વમાં છે: (i) વિરાર - જોરાવાસન સેક. CTR (P) = 6.53 Tkm, TSR (P) = 25.00 Tkm અને TRR (P) = 0.52 Tkm. (ii) વિરાર -સુરત - TTR (CS) - 48 સેટ, TTR (CMSC) - 7 સેટ, SEJs - 48 નંગ, P&Csleepers માત્ર - 167. અને TFR (P&C) - 193 (માત્ર GRSP). (iii) વિરાર - જોરાવાસન - C -22.138 Tkm. સંયુક્ત ટેન્ડર (સિવિલ + S & T). આ રીતે વાંચો: (i) વિરાર - જોરાવાસન સેક. CTR (P) = 6.53 Tkm, TSR (P) = 25.00 Tkm અને TRR (P) = 0.52 Tkm. (ii) વિરાર - સુરત - TTR (CS) - 48 સેટ, TTR (CMSC) - 7 સેટ, SEJs - 48 નંબર, ફક્ત પી એન્ડ સી સ્લીપર્સ - 167. અને TFR (P & C) - 193 (ફક્ત GRSP). (iii) વિરાર - જોરાવાસન - TFR - 22.138 TKM. ટેન્ડર કોસ્ટ: તરીકે બહાર નીકળવું : ₹ 63857065.72/- આ રીતે વાંચો : ₹ 62269697.74/- EMD: હાલની કિંમત: ₹ 469300/- આ રીતે વાંચો ₹ 461400/- અન્ય તમામ નિયમો અને શરતો એ જ રહેશે.

0977

અમને લાઈક કરો: facebook.com/WesternRly

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ગુજરાત
## જ્યાં વિચારો વૈશ્વિક સફળતામાં પરિણમે છે






### ઈકોસિસ્ટમ
**01**
- અવિરત વીજળી, ગૅસ અને પાણી પુરવઠો
- 200+ દેશો માટેનું પ્રવેશદ્વાર
- 230થી વધુ ઔદ્યોગિક વસાહતો અને 3 કાર્યરત SIRs
- 49 બંદરો, 4 આંતરરાષ્ટ્રીય સાથે 19 એરપોર્ટ્સ

### પ્રૉએક્ટિવ ગવર્નમેન્ટ
**02**
- 200+ મલ્ટિ-ડિપાર્ટમેન્ટલ મંજૂરી માટે સિંગલ વિન્ડો
- રોકાણકારોની સુવિધા માટે સમર્પિત સંસ્થા
- MSMEsને મંજૂરી માટે 3 વર્ષની મુક્તિ

### ક્ષેત્રીય આગેવાની
**03**
- કેમિકલ, ફાર્મા, ટેક્સટાઇલ્સ, સિરામિક્સ અને ઓટોમોટિવ જેવાં ક્ષેત્રોમાં રાષ્ટ્રીય સ્તરે અગ્રણી
- સેમિકન્ડક્ટર, ઇવી અને ફિનટૅક જેવાં ઉભરતાં ક્ષેત્રો માટે વ્યૂહાત્મક ફ્રેમવર્ક
- કુશળ માનવબળની ઉપલબ્ધતા

### નીતિ આધારિત અભિગમ
**04**
- 20થી વધુ ક્ષેત્ર માટે વિશિષ્ટ નીતિઓ

### ફ્યૂચરિસ્ટિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર
**05**
- DREAM City, Dholera SIR, MBSIR અને PCPIR જેવાં મેગા પ્રૉજેક્ટ્સ સાથે અગ્રણી
- ભારતની પ્રથમ હાઇસ્પીડ રેલ પ્રૉજેક્ટ કાર્યરત
- GIFT City: વૈશ્વિક નાણાકીય સેવા માટે ભારતનું પ્રથમ સ્માર્ટ સિટી

### સસ્ટેનેબિલિટી
**06**
- વિશ્વનું ગ્રીન હાઇડ્રોજન કેપિટલ બનવા માટે સજ્જ
- પુનઃપ્રાપ્ય ઊર્જા સ્થાપિત ક્ષમતામાં અગ્રેસર રાજ્ય
- પુનઃપ્રાપ્ય ઊર્જા પ્રૉજેક્ટ્સ માટે માન્ય NA જમીન

### ઇઝ ઑફ લિવિંગ
**07**
- ઇઝ ઑફ લિવિંગની યાદીના ટોપ-10માં 4 શહેરો સાથે સૌથી સુરક્ષિત રાજ્યોમાં એક
- વૈશ્વિક સ્તરની આરોગ્ય સુવિધાઓ
- વૈશ્વિક સ્તરની સ્પોર્ટ્સ તથા મનોરંજક સુવિધાઓ
- વ્યાપક અને ઉત્તમ રીતે રીતે જોડાયેલ જાહેર પરિવહનની સુવિધા

**ગુજરાતની અસીમિત સંભાવનાઓમાં સમગ્ર વિશ્વ કરી રહ્યું છે રોકાણ**